# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-05-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રીની ભુજમાં સંભવીત મુલાકાત:

આગામી ૨૬ મેના ભુજ ખાતે યોજાનારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંભવિત કાર્યક્રમના આયોજન અનુંસંધાને પ્રભારી મંત્રી પ્રફુલભાઇ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને ભુજ કલેકટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઇ હતી.

જિલ્લા કલેકટર આનંદ પટેલે ભુજ-મિરઝાપર રોડ પર યોજાનારા કાર્યક્રમની તૈયારી અંગે પ્રેઝન્ટેશન રજૂ કરીને પ્રભારીમંત્રીશ્રીને પૂર્વ તૈયારીઓ અંગેની વિગતોથી અવગત કર્યા હતા. આ સાથે પ્રધાનમંત્રીશ્રીના હસ્તે લોકાપર્ણ તથા ખાતમુહૂર્ત થનારા કામની સંભવિત યાદી સાથે સમગ્ર કાર્યક્રમની તૈયારીની રૂપરેખા રજૂ કરી હતી.

પ્રભારીમંત્રીશ્રીએ કચ્છ વહીવટીતંત્રના સમગ્ર આયોજન તથા કામગીરી માટે નિમણૂંક થયેલી વ્યવસ્થાપન સમિતિઓની જાણકારી મેળવીને સૂચારૂ આયોજન અંગે જરૂરી સૂચનો તથા માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં સાંસદ વિનોદ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા તથા સર્વ ધારાસભ્યોએ પણ જરૂરી સૂચન કર્યા હતા. પ્રભારીમંત્રીશ્રીએ કાર્યક્રમના સ્થળની જાત મુલાકાત લઇને જરૂરી સૂચનો કર્યા હતા. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, પશ્ચીમ કચ્છ પોલીસ વડા સહિત વિવિધ કચેરીઓના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

-----------------------------------------------------------------------------------

## ભચાઉમાં તિરંગા યાત્રા:

પહેલગામમાં આતંકી હુમલા બાદ ભારતીય સૈનાએ પાકિસ્તાનમાં આતંકવાદીઓના અડ્ડાઓને ધ્વસ્ત કરી આતંકીઓની કમર તોડી નાખી. સૈન્યના આ શૌર્યને બિરદાવવા ભચાઉમાં

ગઇકાલે તિરંગા યાત્રા યોજાઇ હતી. ભચાઉમાં ડોક્ટર બાબા સાહેબ આંબેડકર પ્રતિમાથી પ્રારંભ થયેલી તિરંગા યાત્રા શહેરના રાજમાર્ગો પર ફરી વળી હતી. તિરંગા યાત્રામાં સૈનિકોની ગૌરવ ગાથા રજૂ કરવામાં આવી હતી. તથા નિવૃત સૈનિકોનું સન્માન કરવામાં આવ્યું હતું. તિરંગા યાત્રામાં રાપરના ધારાસભ્ય વીરેન્દ્ર સિંહ જાડેજા, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી સહિત વિવિધ પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

---------------------------------------------------------------------------------------------

## સાંસદ સર્વ જ્ઞાતિ સમુહ લગ્નોત્સવ:

કચ્છ લોકસભા સાંસદ તથા સમાજ નવનિર્માણ ટ્રસ્ટ-ભુજના સહયોગથી ભુજ તાલુકાના યક્ષ મંદિર મધ્યે પ્રથમ વખત આયોજિત સાંસદ સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવના અયોજનના ભાગરૂપે સભ્યોની બેઠક યોજાઇ હતી. સાંસદ તથા સમિતિ અધ્યક્ષ વિનોદભાઇ ચાવડાએ જણાવ્યું હતું કે, કોઇ પણ જાતના ભેદભાવ વગર સર્વ જ્ઞાતિ સમૂહલગ્નમાં મધ્યમ વર્ગ અને સામાન્ય પરિવારોના 40 જેટલા જોડલાં સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવમાં જોડાયાં છે, હજુ જરૂરતમંદ પરિવારો વધુ ને વધુ જોડાય તેવી શક્યતા છે. સમૂહ લગ્નનું આયોજનએ સામાજિક સમરસતા માટે એક મહત્ત્વનું પ્રેરક બળ બનશે, તેવો વિશ્વાસ સાંસદે દેખાડયો છે.

---------------------------------------------------------------------------------------------

## ભુજ નલિયા પ્રવાસી ટ્રેન:

લાંબા સમય બાદ ભુજ-નલિયા ગેજ રૂપાંતર પ્રકલ્પ પૂર્ણ થયા બાદ હાલ માલગાડી દોડી રહી છે, ત્યારે આગામી સમયમાં જ ભુજ-નલિયા વચ્ચે આવેલ પ્રવાસી ટ્રેન સેવા શરૂ થાય તેવી શક્યતાઓ સેવાઇ રહી છે. રેલવે દ્વારા તાજેતરમાં સેફ્ટી કમિશનરનું નિરીક્ષણ કરાયું અને પેસેન્જર માટે ટ્રેકને ફિટ જાહેર કર્યો હતો અને 90થી વધુની ઝડપની મંજૂરી આપી હતી. દરમ્યાન સંભવત આવતા સપ્તાહે ભુજ-નલિયા વચ્ચે પ્રારંભિક તબક્કે પ્રવાસી ટ્રેન શરૂ થાય તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે.

---------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ મહાનગર પાલિકા ટેક્સ વસુલાત:

ગાંધીધામ મહાનગરપાલિકામાં સાડા 13 મહિના દરમિયાન 9372 કરદાતાએ ડિજિટલ અલગ-અલગ માધ્યમો થકી મહાનગરપાલિકાને 4.44 કરોડ રૂપિયાનો ટેક્સ ભરપાઈ કર્યો છે. ગત નાણાકીય વર્ષ એક એપ્રિલ 2024થી લઈને 31 માર્ચ-2025 અને 1 એપ્રિલ-2025થી 16 મે સુધીમાં ગાંધીધામ-આદિપુર જોડિયા શહેરોના 60 હજાર 400 કરદાતામાંથી 9 હજાર 372 કરદાતાએ નેટ બેન્કિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, યુપીઆઈ અને પીઓએસ મશીન-વોલેટના માધ્યમથી 4 કરોડ 44 લાખ 92 હજાર,483 રૂપિયાનો ટેક્સ ભરપાઈ કર્યો છે.

------------------------------------------------------------------------------------------------

## ભુજ-ઈ-પાસપોર્ટ સેવા:

ભુજના પાસપોર્ટ કેન્દ્ર સહિત સમગ્ર દેશમાં રવિવારથી ઇ-પાસપોર્ટ સેવા શરૂ કરવામાં આવી છે અને પ્રથમ દિને ગુજરાતમાં પ્રથમ અરજી ભુજ કેન્દ્રમાંથી હતી. રવિવારે 4 માંથી 3 અરજદારોની અરજીની પ્રક્રિયા પૂર્ણ કરી દેવાઇ હતી. અત્યાર સુધી દેશના 13 શહેરો નાગપુર, ભુવનેશ્વર, ગોવા, સિમલા, જમ્મુ, રાયપુર, અમૃતસર, જયપુર, ચેન્નાઇ, હૈદરાબાદ,સુરત, રાંચી અને દિલ્હીમાં ઇ-પાસપોર્ટ સેવા ચાલુ હતી. ભુજ કેન્દ્રમાં દરરોજ અપાતી 100 એપોઇન્ટમેન્ટમાંથી આજે 50 ટકા એપોઇન્ટમેન્ટ ઇ-પાસપોર્ટ માટે અપાઇ છે.

------------------------------------------------------------------------------------------------

## ગૌ યુનિવર્સિટીમાં કચ્છના બે સભ્યોની વરણી:

ભારતની પ્રથમ દેશી ગૌવંશ યુનિવર્સિટી ગૌ વિશ્વ વિદ્યાપીઠમના સ્થાપક કુલગુરુ તરીકે જાણીતા ગૌપ્રેમી આયુર્વેદાચાર્ય ડો. હિતેષભાઈ જાનીની નિયુક્તિ કરવામાં આવી છે. ડો. જાની હાલમાં કેન્દ્ર સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડના ડાયરેક્ટર તરીકે કાર્યરત છે. ગૌવંશ યુનિવર્સિટીના સલાહકાર બોર્ડમાં કચ્છ જિલ્લામાં ગૌવંશ અને ગૌસંવર્ધન ક્ષેત્રે સક્રિયપણે કાર્યરત, સૌરાષ્ટ્ર પ્રાંત ગ્રામ વિકાસ પ્રમુખ અને રામકૃષ્ણ સેવા ટ્રસ્ટના મનોજભાઈ સોલંકી

અને સંઘના કચ્છ વિભાગ ગૌસેવા ગતિવિધિ પ્રમુખ અને ગોરસિયા સેવા ફાઉન્ડેશનના પરબતભાઈ ગોરસિયાની નિમણૂક કરવામાં આવી છે.

---